સુપર સકર મશીનના અભાવે 10 દિવસથી ગટર લાઈન ચોકઅપ; કોર્પોરેટરે રાતોરાત કામ પૂર્ણ કરવાની આપી બાંહેધરી

નવાયાર્ડ ડ્રેનેજ કામગીરી અધૂરી છતાં તંત્રે ખાડા પૂર્યા, સ્થાનિકોની સુરક્ષા સામે સવાલ

ગંદકી, કીચડ અને ખુલ્લા ખાડાઓને કારણે સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં આવેલા સરસ્વતી નગરમાં છેલ્લા 15 દિવસથી ડ્રેનેજ લાઈનની કામગીરીના નામે ખોદકામ કરીને તંત્ર દ્વારા રહીશોને ભારે હાલાકીમાં મુકી દેવામાં આવ્યા છે. ગંદકી, કીચડ અને ખુલ્લા ખાડાઓને કારણે સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. માંજલપુરમાં ખુલ્લી ગટરની ચેમ્બરમાં પડી જવાથી એક વ્યક્તિના મોતની દુર્ઘટના બાદ, સફાળા જાગેલા તંત્રએ સરસ્વતી નગરમાં અધૂરી કામગીરી હોવા છતાં રાતોરાત ખાડા પૂરીને સંતોષ માની લેતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ડ્રેનેજ લાઈન નાખવા માટે છેલ્લા બે-ત્રણ અઠવાડિયાથી ખોદકામ કરવામાં આવ્યું હતું. પરંતુ કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું હતું. રસ્તાઓ પર કીચડ અને ગંદકી ફેલાતા લોકોનું ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું હતું. એક મહિલા રહીશે રડમસ અવાજે જણાવ્યું હતું કે, "મારા પગનું ઓપરેશન થયું છે, હું શાકભાજી લેવા પણ જઈ શકતી નથી. નાની છોકરીને ડરના કારણે આખો દિવસ ઘરમાં પુરી રાખવી પડે છે." અન્ય એક સગર્ભા મહિલાએ પણ અવરજવરમાં પડતી મુશ્કેલી અંગે ભારે આક્રોશ ઠાલવ્યો હતો. માંજલપુર પાણીની ટાંકી પાસે બનેલી કરૂણ ઘટના બાદ કોર્પોરેશનના અધિકારીઓ અને કોર્પોરેટરો સફાળા જાગ્યા હતા. સરસ્વતી નગરમાં જે કામગીરી અધૂરી હતી અને જોડાણો બાકી હતા, તે કામ પૂર્ણ કર્યા વગર જ તંત્રએ ઉતાવળે ખાડા પૂરવાનું શરૂ કર્યું હતું. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે કામગીરી પૂર્ણ કર્યા વગર ખાડા પૂરવાથી ભવિષ્યમાં ફરીથી સમસ્યા ઉભી થશે. સ્થાનિકોના રોષને જોતા કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલા અને હરીશભાઈ સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે સ્વીકાર્યું હતું કે કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે અને ઉત્તર ઝોનમાં સુપર સકર મશીનનો ઈજારો ન હોવાને કારણે લાઈન ક્લિયર કરવામાં વિલંબ થયો હતો.

મશીનરીની અછતને કારણે લાઈન જામ હતી

કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, "આ મારો હોમપીચ વિસ્તાર છે અને લોકોની સમસ્યા વ્યાજબી છે. મશીનરીની અછતને કારણે લાઈન જામ હતી, પરંતુ આજે રાત સુધીમાં મશીન લાવીને જોડાણની કામગીરી પૂર્ણ કરવામાં આવશે." કોર્પોરેટરે વધુમાં જણાવ્યું હતું કે તેમણે એન્જિનિયરિંગ ગ્રુપમાં ધરણા પર બેસવાની ચીમકી આપતા જ તંત્ર હરકતમાં આવ્યું હતું અને રાતોરાત ખાડા પૂરવાની કામગીરી હાથ ધરી હતી. હાલ પૂરતું કામચલાઉ ધોરણે ખાડા પૂરીને રસ્તો ખુલ્લો કરાયો છે અને બાકી રહેલી ડ્રેનેજ જોડાણની કામગીરી તબક્કાવાર પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી છે.

નવો ધંધો શરૂ કરવો છે તેમ કહી મહિલા પાસેથી રૂપિયા 3.48 લાખ પડાવ્યાં

લગ્નની લાલચ આપીને પીઆરઓ મહિલા પર યુવકે દુષ્કર્મ ગુજાર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા શહેરમાં રહેતી એક દીકરીની માતાએ મહિલાએ પોલીસ ફરિયાદ નોધાવી છે કે હુ પાંચ વર્ષથી કેટરર્સમા પીઆરઓ તરીકે મેન પાવર સપ્લાયનું કામ કરૂ છુ અને કેટરર્સમા છોકરીઓ લઈને જાહું છુ. 16 જુના રોજ સાંજના છ વાગ્યાના અરસામાં વડોદરામાં લગ્ન પ્રસંગના ઓર્ડરમાં પીઆરઓ તરીકે હાજર હતી. દરમ્યાન મારે હિતેષ વાલચંદ લબાના (રહે.બ્લોક નંબર-11, મહાશક્તિ વુડાના મકાન, પાણીની ટાંકીની સામે, વડોદરા શહેર મુળ રહે. રાજસ્થાન) મેનેજર તરીકે ત્યાં હાજર હોય તેની સાથે ઓળખાણ થઇ હતી. તે કુંવારો હોય અને હુ વિધવા હોય અમારા બન્ને વચ્ચે મિત્રતા બંધાઇ હતી. દરમ્યાન તેને મારી સાથે લગ્ન કરવાની વાત કરી હતી. ત્યારે તેના પર મને વિશ્વાસ આવી ગયો હતો અને બાદમા અમે બન્ને જણા અવાર નવાર મળતા હતા. વર્ષ 2024માં આજવા રોડ ઉપર આવેલી હોટલ માનસરોવરમા લઇ ગયો હતો અને તેણે મારી સાથે શારીરિક સંબંધ બાંધવા વાત કરતા મે તેને આ બધુ લગ્ન બાદ કરવા માટે કહ્યું હતું. તો તેણે મને વિશ્વાસમા લઈને લગ્ન કરવાની લાલચ આપી મારી સાથે મારી મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધ્યાં હતા. પાંચેક વખત હોટલ માનસરોવરમા લઇ જઈને મારા પર દુષ્કર્મ ગુજાર્યું હતું. મને કહેતો કે આ લગ્ન પ્રસંગનું કામ રોજેરોજ મળતુ નથી અને જેથી મારે નાસ્તાની દુકાન કરવી છે. હાલ મારી પાસે કોઇ રૂપિયા નથી. હુ કમાઈને તારા રૂપિયા તને પરત આપી દઇશ તેમ કહી મારી રૂપિયા માંગ્યાં હતા. જેથી મારે તેની સાથે લગ્ન કરવાના હોય બેન્કમાંથી રૂપિયા 1.48 લાખ તેના ખાતામાં ટ્રાન્સફર કર્યાં હતા અને રોકડા રૂપિયા 2 લાખ આપ્યાં હતા તેને ખોડીયારનગર ખાતે પંચમથી આગળ કોઈ કોમ્પ્લેક્ષમાં નાસ્તાની દુકાન ખોલી હતી અને તેને બે મહિના સુધી તે દુકાન ચાલુ રાખી હતી. આ દુકાન વ્યવસ્થિત નહીં ચાલતા તેણે દુકાન બંધ કરી દીધી હતી અને દરમ્યાન મને અવાર નવાર તેના રહેણાક મકાનના અઠવાડીયમાં ચારથી પાંચેક વખત ફોન કરીને બોલાવતો અને ત્યા પણ મારી સાથે શારીરિક સંબંધ બાંધતો હતો. પાંચ મહિના સુધી શારીરિક સંબંધ બાંધ્યાં હતા દરમિયાન મે તેની સાથે લગ્ન કરવાની વાત કરતા તેણે મને હુ મારા વતનમાં ગામડે જઈને પરત આવુ અને મારા પરિવારમા વાતચીત કરી તારી સાથે લગ્ન કરીશ તેમ કહ્યું હતું. જેથી પંદરેક દિવસમાં પરત આવવાની વાત કરીને દોઢેક વર્ષ પહેલા તે તેના વતનમાં ગયો હતો. આજદિન સુધી પરત ફર્યો ન હતો. જેથી બાપોદ પોલીસે આરોપી હિતેશ લબાને હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કોચિંગ ક્ષમતા વધારવા માટે પ્રતાપનગર સ્ટેશન ખાતે કોચિંગ ટર્મિનલ બનાવાશે

રેલવે નેટવર્કને અપગ્રેડ કરવામાં આવશે અને દેશવ્યાપી કનેક્ટિવિટીમાં સુધારો થશે

રણોલી સ્ટેશન પર બે પીટ લાઇન અને એક સ્ટેબલિંગ લાઈન બનાવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વર્ષ 2025-26 દરમિયાન વડોદરા વિભાગના પ્રતાપનગર સ્ટેશન પર બે નવા પ્લેટફોર્મ બનાવવામાં આવ્યા હતા. ઉત્તરાણ સ્ટેશન પર પ્લેટફોર્મ 3 અને 4 ના વિસ્તરણ સહિત અમૃત ભારત સ્ટેશનના તમામ કાર્યો પૂર્ણ થઈ ગયા છે. ઉત્તર સ્ટેશનને ટ્રેનોને ટર્મિનેશન/ઓરિજિનેટિંગ માટેની સુવિધાઓ સાથે વિકસાવવામાં આવશે, જેમાં નવા હાઇ-લેવલ પ્લેટફોર્મનું નિર્માણ, અપ-ડાયરેક્શન પ્લેટફોર્મનું વિસ્તરણ અને અન્ય મુસાફરોની સુવિધાઓનો સમાવેશ થાય છે. વડોદરા ડિવિઝન પર, ટૂંકા ગાળામાં આગામી બે વર્ષ રણોલી સ્ટેશન પર બે પીટ લાઈન અને એક સ્ટેબલિંગ લાઈન અને ઉત્રાણ સ્ટેશન પર બે નવા પ્લેટફોર્મ બનાવવામાં આવશે. વધુમાં, લાંબા ગાળામાં ત્રણ થી પાંચ વર્ષીય યોજના પ્રતાપનગર સ્ટેશન પર એક પીટ લાઈન અને એક સ્ટેબલિંગ લાઈનનું બાંધકામ પ્રસ્તાવિત છે. વધુમાં, કોચિંગ ક્ષમતા વધારવા માટે પ્રતાપનગર અને ઉત્રાણ ખાતે કોચિંગ ટર્મિનલ બનાવવામાં આવશે. 2030 સુધીમાં ટ્રેન હેન્ડલિંગ ક્ષમતા બમણી કરવાના ઉદ્દેશ્ય સાથે, ભારતીય રેલ્વે મહત્વપૂર્ણ માળખાકીય વિકાસ પ્રોજેક્ટ્સ હાથ ધરી રહી છે, હાલના ટર્મિનલ્સને વધારાના પ્લેટફોર્મ, સ્ટેબલિંગ લાઈન, પીટ લાઈન અને પર્યાપ્ત શન્ટિંગ સુવિધાઓથી સજ્જ કરવા., શહેરી વિસ્તારોમાં અને તેની આસપાસ નવા ટર્મિનલ ઓળખવા અને બનાવવા., મેગા કોચિંગ કોમ્પ્લેક્સ સહિત જાળવણી સુવિધાઓ., વિવિધ સ્થળોએ ટ્રેનોની વધતી સંખ્યાને સમાવવા માટે ટ્રાફિક સુવિધા કાર્યો, સિગ્નલિંગ અપગ્રેડ અને મલ્ટીટ્રેકિંગ દ્વારા વિભાગીય ક્ષમતામાં વધારો. આ સંદર્ભમાં, કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, અમે વિવિધ શહેરોમાં કોચિંગ ટર્મિનલનું વિસ્તરણ કરી રહ્યા છીએ દેશવ્યાપી કનેક્ટિવિટીમાં સુધારો થશે.

ચાના બાકી રૂપિયાની માંગને લઈ થયો ઝગડો

કિસ્મત ચોકડી પાસે ચા પીતા યુવક પર ચાકુ વડે હુમલો

ઇજાગ્રસ્તને ગોત્રી હોસ્પિટલમાં ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલી કિસ્મત ચોકડી પાસે ચા પીવા ઊભેલા યુવક પર એક અજાણ્યા શખ્સે ચાકુ વડે હુમલો કરતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ચાના બાકી રૂપિયાની માંગને લઈ શરૂ થયેલો ઝઘડો હિંસક સ્વરૂપ ધારણ કરતા યુવક લોહીલુહાણ થયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, તાંદલજા વિસ્તારમાં આવેલી રમજાન પાર્ક સોસાયટીમાં રહેતા જુનેદભાઈ ગબુભાઈ શેખ (ઉંમર 25) 25 ડિસેમ્બરના રોજ રાત્રિના આશરે સાડા નવ વાગ્યે કિસ્મત ચોકડી નજીક આવેલા ટી-સ્ટોલ પર ચા-નાસ્તો કરવા માટે આવ્યા હતા. તે દરમિયાન આસીફ ઝંડ નામનો શખ્સ ત્યાં આવી ચા-પાણીના પૈસા આપવા માટે દબાણ કરવા લાગ્યો હતો. જુનેદભાઈએ શખ્સને તેઓ ઓળખતા ન હોવાની વાત કરી પૈસા આપવાનો ઇનકાર કરતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. વાત વધતા આસીફ ઝંડે ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ગાળો ન બોલવા જણાવતાં જ આસીફ ઉશ્કેરાઈ ગયો અને ચાકુ કાઢી જુનેદભાઈ પર હુમલો કર્યો હતો.

હુમલા બાદ આસપાસના લોકો એકત્ર થતાં વધુ મારથી યુવક બચી ગયો હતો. હુમલાખોર આસીફ ઝંડ જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘાયલ જુનેદભાઈને તાત્કાલિક સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

કેનેડા-યુએસએની યુનિવર્સિટીમાં ફી ભર્યાની ખોટી રસીદો આપી વિદ્યાર્થીઓને છેતર્યા હતા

વિદેશી કોલેજની ફી ભરવાના બહાને 55 લાખથી વધુની ઠગાઈ કરનાર ઝડપાયો

હરણી અને છાણી વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ ઉપરાંત સુરતના એક વિદ્યાર્થી પાસેથી પણ આ રકમ ઉઘરાવવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરામાં વિદેશી અભ્યાસ માટે ફી ભરવાના બહાને રૂપિયા 55 લાખથી વધુ રકમ પડાવનાર ઠગને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. હરણી અને છાણી વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ ઉપરાંત સુરતના એક વિદ્યાર્થી પાસેથી પણ આ રકમ ઉઘરાવવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આરોપીએ કેનેડા તથા યુએસએની યુનિવર્સિટીમાં ફી ભરી આપવાની ખાતરી આપી વિદ્યાર્થીઓ પાસેથી મોટી રકમ લીધી હતી. વિશ્વાસ બેસાડવા માટે બનાવટી રસીદો પણ આપવામાં આવી હતી. જોકે હકીકતમાં કોઈપણ વિદેશી કોલેજમાં ફી ભરવામાં આવી ન હતી.

આરોપી વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં આવેલી બાલાજી કોમ્પ્લેક્ષમાં "ખુશી ફાઇનાન્શિયલ સોલ્યુશન" નામે ફોરેક્સ પેમેન્ટની ઓફિસ ચલાવતો હતો. વિજયકુમાર પરમાર અને તેના સાગરીતો દ્વારા જુદા-જુદા વ્યક્તિઓ પાસેથી ફી પેટે કુલ રૂ.55 લાખથી વધુ રકમ વસૂલવામાં આવી હતી.ફી ભરાઈ હોવાનું માનીને કેટલાક વિદ્યાર્થીઓ વિદેશ ગયા હતા, પરંતુ કોલેજની ફી ન ભરાઈ હોવાથી તેમને ત્યાં રહેવાની મંજૂરી ન મળતા પરત ભારત મોકલી દેવાયા હતા. ત્યારબાદ એજન્ટનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો તો કોઈ ફોન રિસીવ ન થતા ઠગાઈ થઈ હોવાનું સ્પષ્ટ બન્યું.આ મામલે છાણી અને હરણી પોલીસ સ્ટેશન ઉપરાંત સુરતના ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે મુખ્ય આરોપી વિજયકુમાર પરષોત્તમ પરમાર (રહે. આર્ય ઈલાઈટ-02, અટલાદરા) હાલ ભાયલી ફાટક નજીક કૃષ્ણા વાટિકા ફ્લેટમાં રહે છે. આ આધારે ક્રાઈમ બ્રાન્ચે રેડ કરીને તેને દબોચી લીધો છે.

ડિસેમ્બર મહિનામાં જ ઈન્ડિગોની છ દિવસમાં પાંચ હજારથી વધુ ફ્લાઈટ રદ

ઈન્ડિગોની મુંબઈની ફ્લાઈટ ઓપરેશનલ કારણોસર રદ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા એરપોર્ટ ઉપર ફરી એક વખત ફ્લાઈટ કેન્સલ થવાનો દોર શરૂ થયો છે. કેટલાક દિવસો બાદ શનિવારે ઈન્ડિગોની મુંબઈ વડોદરા મુંબઈની સાંજની ફ્લાઈટ ઓપરેશનલ કારણોસર રદ કરવામાં આવી હતી. જોકે અગાઉથી મુસાફરોને આ અંગેની જાણ કરી દેવામાં આવતા મુસાફરોએ મુસાફરી માટે વૈકલ્પિક માર્ગ અપનાવ્યો હતો.

વડોદરા એરપોર્ટ ઉપર ઈન્ડિગોની 6E-2168 / 5138 મુંબઈ-વડોદરા-મુંબઈની સાંજની ફ્લાઈટ ઓપરેશનલ કારણોસર રદ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, ગુરુવારે, ઈન્ડિગોએ ધુમ્મસ અને ઓપરેશનલ સમસ્યાઓને કારણે 67 જેટલી ફ્લાઈટ્સ રદ કરી દીધી હતી. જેનાથી શિયાળાની વર્તમાન અડચણોમાં વધારો થયો છે. આ ડીજીસીએ દ્વારા જાહેર કરાયેલ ધુમ્મસની મોસમ દરમિયાન અને હજારો મુસાફરોને અસર કરનાર અગાઉના મોટા રદીકરણો પછી નિયમનકારી દેખરેખ હેઠળ થઈ રહ્યું છે. સરકારે ઘરેલું ફ્લાઈટ્સમાં 10 ટકા ઘટાડો કરવાનો આદેશ આપ્યા પછી એરલાઈન હાલમાં ઘટાડેલા શેડ્યૂલ પર કાર્યરત છે. જ્યારે, ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસ અને ખરાબ વિઝિબિલિટીના કારણે હવાઈ સેવાઓ ખોરવાઈ ગઈ હતી. દિલ્હી એરપોર્ટ પર ગત સપ્તાહે 110 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. જેમાં 59 આગમન અને 51 પ્રસ્થાન કરતી ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, 370 થી વધુ ફ્લાઈટ્સના શિડ્યુલમાં સરેરાશ 26 મિનિટનો વિલંબ પણ થયો હતો. ઈન્ડિગોમાં મોટા પાયે ફ્લાઈટ રદ થવાની તપાસ કરનાર પેનલે ગત શુક્રવારે પોતાનો અહેવાલ એવિએશન રેગ્યુલેટર ડીજીસીએને સુપ્રત કર્યો હતો. જ્યારે, ઈન્ડિગો ફ્લાઈટ કેન્સલેશનથી પ્રભાવિત મુસાફરોને 10 હજાર રૂપિયાના ટ્રાવેલ વાઉચર આપવાનું શરૂ કરી દીધું છે. આ વાઉચર 12 મહિના સુધી માન્ય રહેશે. જે ઈન્ડિગોની કોઈપણ ફ્લાઈટમાં વાપરી શકાશે. ડિસેમ્બર મહિનાની શરૂઆતમાં ઈન્ડિગોની છ દિવસમાં પાંચ હજારથી વધુ ફ્લાઈટ રદ થઈ ગઈ હતી. જેના કારણે દેશભરમાં હજારો મુસાફરો ફસાઈ ગયા હતા.

ટ્રેન નં. 69117 વડોદરા - દાહોદ મેમુ આંશિક રીતે રદ

ડેરોલ યાર્ડ લેવલ ક્રોસિંગ પર રોડ ઓવરબ્રિજ માટે ગર્ડર શરૂ કરવા માટે બ્લોક

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરોને વેબસાઈટની મુલાકાત લેવા જણાવવામાં આવ્યુ છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ડેરોલ યાર્ડમાં લેવલ ક્રોસિંગ નં. 32 પર રોડ ઓવરબ્રિજ બનાવવા માટે કમ્પોઝિટ ગર્ડરનું લોન્ચિંગ હાથ ધરવામાં આવશે. જેના કારણે ટ્રેન નં. 69117 વડોદરા - દાહોદ મેમુ આંશિક રીતે રદ કરવામાં આવશે.

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના વડોદરા-ગોધરા સેક્શન પર ડેરોલ યાર્ડમાં લેવલ ક્રોસિંગ નં. 32 પર રોડ ઓવરબ્રિજ બનાવવા માટે કમ્પોઝિટ ગર્ડર (5 x 24 મીટર) નું લોન્ચિંગ હાથ ધરવામાં આવશે. આ કાર્ય સુરક્ષિત અને સમયસર પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે, 28 ડિસેમ્બર રવિવારના રોજ બપોરે 1:30થી સાંજે 6:30 વાગ્યા સુધી અપ અને ડાઉન બંને લાઈન પર એક સાથે બ્લોક લાદવામાં આવશે. આ બ્લોકને કારણે 28 ડિસેમ્બરના રોજ વડોદરાથી ઉપડતી ટ્રેન નં. 69117 વડોદરા - દાહોદ મેમુ, વડોદરા - ગોધરા વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરોને વેબસાઈટની મુલાકાત લેવા જણાવાયું છે.

એસઓજી પોલીસની ટીમે સુરત પહોચી અડાજણ ખાતે તેના મકાનેથી દબોચી લીધો

તાંદલજાના આરોપી અબ્દુલ પટેલને હાઈબ્રિડ ગાંજો આપનાર સપ્લાયર ઝડપાયો

અડાજણમાં પણ અગાઉ 13 લાખના હાઇબ્રીડ ગાંજ સાથે અગાઉ ઝડપાયો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરાના તાંદલજામાં રહેતા રીઢા આરોપી અબ્દુલ પટેલને હાઈબ્રીડ ગાંજો સપ્લાય કરનાર સુરતના સપ્લાયરને એસઓજી પોલીસે અડાજણમાંથી ઝડપી પાડ્યો છે. વડોદરા લાવ્યાં બાદ તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. તાંદલજા વિસ્તારમાં રહેતા કુખ્યાત આરોપી અબ્દુલ ઈબ્રાહીમ પટેલ અને ધ્રુવ બાબુ ચૌધરી સુરત પાસેથી હાઈબ્રીડ

ગાંજાનો જથ્થો મંગાવી ગેરકાયદે વેચાણ કરતા હતા. જેથી એસઓજી પોલીસની ટીમે રેડ કરીને આ બંને આરોપીઓને હાઈબ્રીડ ગાંજો 500 ગ્રામ કિંમત રૂપિયા 15 લાખ સાથે ઝડપી પાડવામાં આવ્યાં હતા. જ્યારે હાઈબ્રીડ ગાંજાના સપ્લાયરને જેતે સમયે વોન્ટેડ જાહેર કર્યો હતો. ત્યારે એસઓજી પોલીસની ટીમ આ ગાંજાનો સપ્લાયરને શોધખોળ કરી રહી હતી.

તે દરમિયાન આ સપ્લાયરને ઝડપી પાડવા માટે એસઓજીની એક ટીમને એસઓજી પીઆઈ રાતડાએ રવાના કરી હતી. જેથી આ ટીમે સુરતમાં ટેકનિકલ તથા હ્યુમન સોર્સિસના આધારે તેની શોધખોળ શરૂ કરી હતી ત્યારે અડાજણ ખાતે રહેતો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે અડાજણ ખાતે સાઈરામ રોહાઉસમાં રેડ કરીને સપ્લાયર આગમકુમાર ઉત્તમ પટેલને દબોચી લીધો હતો. વડોદરા લાવ્યાં હતા તેની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથધરાઈ છે. ઉલ્લેખનીય છે કે આરોપી આગમકુમાર વિરુદ્ધ સુરતના અડાજણ પોલીસ સ્ટેશનમાં પણ રૂપિયા 13.09 લાખના હાઈબ્રીડ ગાંજા સાથે ઝડપાયો હતો.

ગોત્રી હોસ્પિટલના PM રૂમનો ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો

માત્ર 6 મહિનામાં 210 પોસ્ટમોર્ટમ, હાર્ટ એટેક અને અકસ્માતે લીધો સૌથી વધુ ભોગ!

ખાનગી પેસેન્જર વાહનોનો અડિંગો, ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

હેલ્મેટ વગરની સવારી અને હૃદયની બીમારી પ્રત્યેની બેદરકારી જીવલેણ સાબિત થઈ; તબીબોએ 40ની ઉંમર બાદ હેલ્થ ચેકઅપ માટે કરી અપીલ

વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલી ગોત્રી હોસ્પિટલ ખાતે કાર્યરત કરવામાં આવેલા અત્યાધુનિક પોસ્ટમોર્ટમ (PM) સેન્ટરને છ મહિના પૂર્ણ થયા છે. આ ટૂંકા ગાળામાં જ 210 જેટલા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા છે, જેમાંથી સૌથી વધુ કિસ્સાઓ માર્ગ અકસ્માત અને હાર્ટ એટેકના નોંધાયા હોવાનું સામે આવ્યું છે. હોસ્પિટલના સત્તાધીશોના જણાવ્યા અનુસાર, માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનાર મોટાભાગના કિસ્સાઓમાં હેલ્મેટ કે સીટ બેલ્ટ ન પહેરવાની જીદ જીવલેણ સાબિત થઈ રહી છે. વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ કરવાને કારણે ધ્યાન ભટકવું એ પણ અકસ્માતનું મુખ્ય કારણ બની રહ્યું છે. પોસ્ટમોર્ટમમાં જાણવા મળ્યું છે કે હૃદયની નળીઓમાં બ્લોકેજના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. તબીબોએ સલાહ આપી છે કે 40 વર્ષની ઉંમર પછી દરેક વ્યક્તિએ નિયમિત હેલ્થ ચેકઅપ કરાવવું જોઈએ. માનસિક તણાવ, અનિયમિત અને બહારનો ખોરાક, બેઠાળું જીવન અને વધતું વ્યસન હાર્ટ એટેક માટે જવાબદાર છે. છાતીમાં દબાણ, ગભરામણ કે ડાબા હાથમાં થતા દુખાવાને સામાન્ય એસિડિટી સમજીને અવગણવાની ભૂલ ન કરવા માટે ચેતવણી આપવામાં આવી છે. અહેવાલ મુજબ, નાની ઉંમરના વિદ્યાર્થીઓથી લઈને 30-35 વર્ષના યુવાનોમાં આત્મહત્યાના કિસ્સાઓ પણ જોવા મળી રહ્યા છે. આ બાબતે તબીબોએ જણાવ્યું કે ગોત્રી અને સયાજી હોસ્પિટલમાં સાયકિયાટ્રિક ડિપાર્ટમેન્ટ દ્વારા ઉત્તમ કાઉન્સેલિંગની સુવિધા ઉપલબ્ધ છે. કોઈપણ સમસ્યા હોય તો વડીલો સાથે ચર્ચા કરવી જોઈએ, કારણ કે આત્મહત્યા એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ, અમુક ચોક્કસ અને લો-એન્ડ-ઓર્ડરના કિસ્સાઓમાં જ રાત્રિ પોસ્ટમોર્ટમ શક્ય છે. આ માટે પોસ્ટમોર્ટમ રૂમની બહાર કયા કેસોમાં રાત્રિ પીએમ થઈ શકે તેની વિગતવાર માહિતી દર્શાવતું બેનર પણ લગાવવામાં આવ્યું છે. ગોત્રી હોસ્પિટલનું આ પોસ્ટમોર્ટમ સેન્ટર ભલે મૃત્યુનું કારણ સ્પષ્ટ કરતું હોય, પરંતુ તે જીવતા લોકો માટે એક સંદેશ છે કે સાવચેતી અને સ્વાસ્થ્યમાં રાખેલી જરા પણ બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે.

ત્રણ દિવસ દરમિયાનનું આયોજન કરવામાં આવ્યું

શહેરની એમએસયુની MRID દ્વારા ડિઝાઈન ફેસ્ટ 2025નો રંગેચંગે પ્રારંભ

વિવિધ પ્રકારના અનોખા ડિઝાઇન પ્રોડક્ટ્સ, આર્ટ-વર્ક, હેન્ડક્રાફ્ટ આઇટમ્સ અને ક્રીએટિવ પ્રોજેક્ટ્સ જાહેર જનતા માટે પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સના મહારાજા રણજીતસિંહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન દ્વારા દર વર્ષે યોજાતો પ્રતિષ્ઠિત કાર્યક્રમ ડિઝાઈન ફેસ્ટ 2025 આ વર્ષની આવૃત્તિ માટે ત્રણ દિવસ દરમિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો હેતુ સંસ્થાનો પ્રચાર-પ્રસાર તથા સામાજિક જોડાણ મજબૂત બનાવવાનો છે.

એમએસયુના ફેસ્ટિવલના પ્રસંગે યુનિવર્સિટીના ચાન્સેલર રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડના હસ્તે અને યુનિવર્સીટીના ગીત સાથે દીપ પ્રાગટ્ય કરી ડિઝાઈન ફેસ્ટ 2025નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ અવસર પર એમ.એસ.યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર ભાલચંદ્ર ભાણગેએ હાજરી આપી હતી. ત્રણ દિવસીય આ ફેસ્ટિવલ દરમિયાન દરરોજ સાંજે 4:30 થી 9:00 વાગ્યા સુધી સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ વિવિધ પ્રકારના અનોખા ડિઝાઈન પ્રોડક્ટ્સ, આર્ટ-વર્ક, હેન્ડક્રાફ્ટ આઈટમ્સ અને ક્રીએટિવ પ્રોજેક્ટ્સ જાહેર જનતા માટે પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે. સાથે જ ડિઝાઈન ક્ષેત્રની તકો વિષે નવી પેઢીના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પરામર્શ પણ આપવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓની રચનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે આ ફેસ્ટિવલ એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થઈ રહ્યું છે. સાથે જ પ્રદર્શન સાથે કૃતિઓના વેચાણની પણ સુવિધા ઉપલબ્ધ છે, જેથી યુવા કલાકારોને આત્મનિર્ભર બનવાની તક મળે છે, કાર્યક્રમને સફળ બનાવવા વિભાગના સ્ટાફને રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ તથા વાઈસ ચાન્સેલર પ્રોફેસર ભાલચંદ્ર ભણગેના હસ્તે સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા. વડોદરાના તમામ નાગરીકોને ડિઝાઈન ફેસ્ટમાં ઉપસ્થિત રહી યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા ફેકલ્ટી ડીન દ્વારા જણાવવામાં આવ્યું હતું.